ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*અમૂલ્ય જિંદગીઓ અજ્ઞાનમાં લટકી જાય છે,*
*વડીલ દુષ્પ્રેરણાથી કુટુંબ ભટકી જાય છે,*
*અટકી જાય ઉતાવળ ને વિચારે ધીરજથી -*
*ઈશ્વરમાં શ્રદ્ધા હોય તો મોત છટકી જાય છે*
*(પરિવાર અંશ્રધદ્ધાનો ભોગ)*

હાઈકુ

*અધીર-ગતિ,*
*છે બેજવાબદારી -*
*મોતની ખાઈ...*
*(અધોગતિ)*

*શાંત મગજ,*
*ને કર્તવ્યનું ભાન -*
*સારથી - જ્ઞાન...*
*(વાહન ચાલકની ફરજ)*

### ચિંતન

**અસ્યૈવ ચોપપતેરેષ ઉષ્મા ।**

**ઉપરોક્ત સૂત્ર નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.**

**જીવિત શરીરમાં અનુભવાનારી ઉષ્મા આ શરીરની જ છે. કારણ કે યુક્તિ દ્વારા એ સિદ્ધ થાય છે કે સૂક્ષ્મ શરીર નીકળી જાય છે તે પછી સ્થૂળ શરીર ગરમ રહેતું નથી.**

**જીવંત સ્થૂળ શરીરમાં જે ઉષ્મા હોય તે ક્યાંથી આવે છે. એ વિચારણા કરતા જણાવે છે કે એ ગરમી સૂક્ષ્મ શરીરની છે. એટલે તો એ સૂક્ષ્મ શરીર જયારે સ્થૂળ શરીરમાંથી નીકળી જાય છે ત્યારે સ્થૂળ શરીર ઠંડુ પડી જાય છે.**

**એ ઉષ્મા જો સ્થૂળ શરીરની જ હોય તો સૂક્ષ્મ શરીરના બહાર નીકળી ગયા પછી પણ એનો નાશ થાત અને એ કાયમ માટે ટકી રહેત.**

### સુવિચાર

- ખોટા પુરાવાથી સરકારી અદાલતમાં અન્યાય ને ન્યાય થતો હશે, પણ સત્યની અદાલતમાં તો ખોટા પુરાવાથી અન્યાય એ બેવડો અન્યાય જ બને છે - **સરદાર પટેલ**
- આપણી તાલીમ એ જ આપણી જીતની કૂંચી છે - **તિલક**
- જેને હૈયે પ્રભુ છે તે મનુષ્ય દુર્લભ છે - **મોરારિ બાપુ**
- માણસ ભલાઈ સિવાયના કોઈ પણ કામથી ઈશ્વરની નજીક પહોંચી શકતો નથી - **સિસેરો**
- કોઈને 'વચન' આપવું એ હૃદયમાં કાંટો વાવવા જેવું છે. જયારે જયારે આપણને એ વચન યાદ આવશે ત્યારે ત્યારે એ કાંટો ખૂંચી ઊઠશે - **અખંડ આનંદ**
- વાદવિવાદ ન કર. તું જેમ તારી શ્રદ્ધા અને અભિપ્રાય પર અટલ છે, એમ સામેનાને એની શ્રદ્ધા અને અભિપ્રાય પર અટલ રહેવાની સ્વતંત્રતા આપ - **શેખ સાદી**
- આજનું ઔષધ : સૂંઠ અને ગોળને પાણીમાં ઉકાળી તે ટીપાં નાકમાં નાખવાથી હેડકી બંધ થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ભગવાનના ભક્તો યાત્રાએ નીકળ્યા, યાત્રાધામ જવા માટે અતિ દુર્ગમ રસ્તાઓ પહાડોમાંથી પસાર થતો હતો. સાંકડો રસ્તો, ખરાબ હવામાન, કડકડતી ઠંડી, ગમે ત્યારે વરસાદ પડે. પીવાનું પાણી પણ માંદા પાડે તેવું. જમવામાં પણ રેસનીંગ કરવું પડે તેવી હાલત. સૌ ભક્તો હેરાન-પરેશાન હતા. એક-એક દિવસ નિરાશા અને હતાશામાં પસાર થતો હતો. ભક્તોએ વિસામા પર સાંજે તાપણું કરી પડતી તકલીફોની વાતો શરૂ કરી. એમાં એક ભક્ત જે સૌમાં સમજું અને ભક્તિભાવ વાળો હતો. એ બોલ્યો. 'આપણી કોઈ પણ સમસ્યા કે આપણને પડી રહેલા દુઃખોની વાત કરીએ તે પહેલાં ચાલો આપણે સૌ પરમ કૃપાળુ પરમાત્માનો આભાર માનીએ કે આપણને અહીં સુધી પહોંચાડવામાં મદદ કરી. આટલી મુશ્કેલીઓ સહન કરવા છતાં કોઈનું મરણ થયું નથી અને આપણે દુષ્કર પરિસ્થિતિઓમાં પણ સારા-નરવા છીએ.' આ સરળ શબ્દોની સૌ પણ જાદુઈ અસર થઈ. બધા પરમાત્માનો આભાર માનવા લાગ્યા. કોઈને કોઈ ફરિયાદ રહી નહીં. સૌ ભક્તોને લાગ્યું કે આપણે સો નસીબદાર છીએ. અને ખરેખર પરમાત્માની આપણા પર અસીમ કૃપા રહી છે. દુઃખ છે તો છે. બાકી આપણે આપણો દૃષ્ટિકોણ બદલીએ તો જીવનમાં કેવળ સુખ જ છે. જે લોકો પોતાના આકરા દુઃખમાં પણ સુખને શોધી લે છે એ જીવનયાત્રામાં ટકી જાય છે અને જીવનયાત્રાને માણી શકે છે.

# ખેડૂતોને ખુશ કરવાની રાજનીતિ

**તંત્રીસ્થાનેથી...**

કર્ણાટકના મુખ્યમંત્રી કુમાર સ્વામીએ એમના પ્રથમ બજેટમાં જ ખેડૂતોની કૃષિલોન તબક્કાવાર માફ કરવાનું પગલું ભરીને કર્ણાટકની ચૂંટણી ટાણે આપેલ વચન પાળી બતાવ્યું. જો કે કુલ ૫૩ હજાર કરોડને બદલે હાલ તેઓએ ૩૪ હજાર કરોડ જેટલી રકમ જ ફાળવી છે, પરંતુ એની પાછળનું લૉજિક પણ ગળે ઊતરે એવું છે. જો જેડીએસ પાર્ટી પૂર્ણ બહુમતી મેળવે તો આપેલા વચનમાં થોડી પીછેહઠ કરવી પડી હોય તો એનું કારણ છે કોંગ્રેસે આપેલાં વચનોનો પણ સંયુક્ત સરકારે અમલ કરવાનો છે. ઈંદિરા કેન્ટિન યોજનામાં ગરીબોને સસ્તુ ભોજન મળશે એ માટે ૨૪૭ ઈંદિરા કેન્ટીનો નિભાવવી પડશે. વળી કૃષિલોન પેટે ચાર હજાર કરોડની વધુ રકમ ફાળવીને એમને ખેડૂતોને રાજી કરવાની કોશિશ કરી છે. કૃષિ વિકાસ માટે ઈઝરાયેલ મોડલના અમલ માટે ૧૫૦ કરોડનું જુદું પૅકેજ પણ ફાળવ્યું છે. ખેડૂતોને આટલો બધો લાભ આપવાની સાથે એમને ડીઝલ-પેટ્રોલ અને વીજળી પર થોડો વધુ ટેક્સ નાખી સરકારી તિજોરી સરભર કરવાની ચેષ્ટા પર દાખવી છે. આમ જુઓ તો આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે કર્ણાટકની વિધાનસભાની ચૂંટણી અને જેડીએસ - કોંગ્રેસની સંયુક્ત સરકારની કામગીરી બહુ અગત્યની પુરવાર થાય એમ છે. મોદીનું ચાલે તો તેઓ કુમારસ્વામીને ફોસલાવી પટાવીને ભાજપના ટેકાવાળી સંયુક્ત સરકાર બનાવી દે. એમણે બિહારમાં નીતીશકુમાર જેવા કટ્ટર વિરોધી સાથે આવો ખેલ પાડી દઈને વિપક્ષી એકતાની હવા કાઢી નાખી હતી. નીતીશકુમારની સરખામણીમાં કુમાર સ્વામીને પટાવવા સહેલા ગણાય. એટલે એવો પ્રયાસ પણ ૨૦૧૯ની ચૂંટણી પૂર્વે નહીં જ થાય એવું કહેવું અઘરું છે. પરંતુ હાલ પૂરતા તો કુમારસ્વામી કોંગ્રેસને સાથે રાખી રાજ કરી રહ્યા છે. એટલે એમને બેઉ ભાગીદાર પક્ષોના ચૂંટણી ઢંઢેરાનો ઓછોવત્તો અમલ કરવો જ રહ્યો. ખેડૂતોનાં દેવા માફ કરવાની રાજનીતિમાં પેલી જાણીતી કહેવત જેવું થવાની સંભાવના છે. ડોશી મરે એનો વાંધો નહીં, પરંતુ જમ ભાળી જાય એની ચિંતા છે. બધાં રાજયોમાં હવે ખેડૂતોની દેવામાફીની માગણી જોરશોરથી ઊઠવાની. રાહુલ ગાંધીએ તો પહેલાંથી જ જાહેરાત કરી દીધી છે કે જો કેન્દ્રમાં સત્તા પર આવશે તો ખેડૂતોનાં દેવાં માફ કરી દેવાશે. કર્ણાટકમાં આ નીતિનો પાઈલટ પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યો છે. અલબત્ત, કૃષિપ્રધાન દેશના ખેડૂતને અન્ય નાગરિકો સાથે 'અૅટ પાર' જીવનધોરણ ઉપલબ્ધ કરાવાય એમાં કશું ખોટું પણ નથી. સદ્‌ભાગ્યે એવી આશા કર્ણાટકના ખેડૂત પરિવારના ફરજંદ એવા કુમારસ્વામીના નેતૃત્વમાં થઈ રહી છે, એને આગામી દિવસો ખેડૂતો માટે 'અચ્છે દિન' પુરવાર થશે એનો સંકેત જરૂર સમજી શકીએ.

# ગળીનો ડાઘ ધોવાય જ નહીં - એ વહેમ ગાંધીએ દૂર કર્યો



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીએ ચંપારણમાં શાળાઓ-શિક્ષિકો-સ્વચ્છતા અને આરોગ્યની કાળજી વગેરેને 'તી કઠીયા' કાયદાને દૂર કરવા સાથે જોડી દીધી. ચંપારણનું કામ પૂરું થયું ને તેવામાં બીજું કામ તૈયાર થઈ રહ્યું હતું તે ઘસડી ગયું, એવો ઉલ્લેખ કરતાં ગાંધીજી લખે છે આમ છતાં છ માસ લગી થયેલા કામે પણ એટલે લગી જડ ઘાલી કે એક નહીં તો બીજા સ્વરુપમાં તેની અસર આ જ લગી નભી રહી છે.

ગાંધીજી ચંપારણ તો આવ્યા હતા એક ખેડૂત રાજકુમાર શુક્લની 'એક બાર તો આઈએ' ની પારવાર વિનંતીના કારણે, પણ એક વાર જાત તપાસે આવ્યા પછી ગાંધી ત્યાં જાત તપાસે આવ્યા પછી ગાંધી ત્યાં જ રોકાઈ ગયા હતા. એક તરફ સમાજસેવા શરુ કરી તો બીજી તરફ લોક ફરિયાદો નોંધાવાની શરુ કરી હતી. લોકોના દુઃખ દર્દની હજારો કહાણીઓ તેમણે સંભાવી. તેની અસરથી તેઓ કેવી રીતે દૂર કરી શકે ? જેમ જેમ લોકો ગાંધીજી સુધી પહોંચતા ગયા તેમ તેમ ગળીની ખેતી કરાવતા નીલવરો અને અંગ્રેજ સરકાર તેમના પર રોષે ભરાતી ચાલી. બિહારના અંગ્રેજ અફસરે ગાંધીને વિનયી ભાષામાં કાઘળ પણ લખ્યો હતો. ગાંધી આ કાગળ વિશે કહે છે. 'કાગળનો ભાવાર્થ આ હતો : 'તમારી તપાસ ઠીક લાંબી ચાલી ગણાય, અને તમારે તે બંધ રાખીને બિહાર છોડવું જોઈએ.' કાગળમાં અંગ્રેજ અફસરનો આદેશ સ્પષ્ટ હતો કે હવે તમારે બિહાર છોડવું જોઈએ. પણ ગાંધી છોડે એમ બિહાર છોડે ! તેમણે પ્રત્યુત્તર આપ્યો કે 'તપાસ તો લંબાશે, અને તે થયા પછી પણ લોકોનાં દુઃખનું નિવારણ ન થાય ત્યાં લગી મારો ઈરાદો બિહાર છોડવાનો નથી.'

**છ મહિનાની લોકલડતથી સો વર્ષ જૂનો કાયદો રદ કરાવ્યો**

- ઓછા શબ્દોમાં પૂરેપૂરી સમજણ આપતા મહાત્મા ગાંધીએ સરકારને સ્પષ્ટ કર્યું કે લોક ફરિયાદને સાચી માની જલ્દી તપાસ સમિતિ બનાવવામાં આવે અને 'તીન કઠીયા'નો કાયદો દૂર કરવામાં આવે.

અંગ્રેજ ગર્વનર એડવર્ડ ગેઈટે આ પ્રસ્તાવ સ્વીકારીને સમિતિ બનાવી અને તેમાં ગાંધીજીને સદસ્ય તરીકે પણ નીમી દીધા. ગાંધીએ સભ્યપદ તો સ્વીકાર્યું પણ શરત એવી હતી કે સભ્ય બનવાથી હું ખેડૂતોના હિમાયતી મટતો નથી અને મારા સાથીઓ સાથે હું મસલત કરીને નિર્ણય લઈ શકું એવી છૂટ હોવી જોઈએ. સાથોસાથ તપાસ પૂર્ણ થયા બાદ જો સંતોષ ન થાય તો ખેડૂતોને દોરવાની મારી સ્વતંત્રતા જતી ન કરું. (આત્મકથા, મો.ક. ગાંધી, પૃષ્ઠ : ૩૯૧

અંગ્રેજ ગવર્નરે આ શરતો સ્વીકારી અને સમિતિએ ખેડૂતોની બધી ફરિયાદો ખરી કરાવીને નીલવરોએ ગેરવાજબી રીતે લીધેલા નાણાંનો અમુક ભાગ પરત કરવાની તથા તીન કઠીયાનો કાયદો રદ કરવાની ભલામણ પછી તીનકઠીયાનો રદ કરવામાં અનેક અડચણો આવી પણ આખરે કાયદો રદ થયો.

ગાંધી કેમ ગાંધી ? - એવા સવાલનો જવાબ ગાંધીની વાતમાંથી જ મળે છે. લોકોને સાથે રાખીને છ મહિના લડત ચલાવી તેના કારણે સો વર્ષથી ચાલતો આવેલો તીનકઠીયાનો કાયદો દૂર થયો. બીજા કોઈ નેતા હોય તો આ લોક વિજયનો જશ પોતાની પ્રશસ્તિમાં લે પણ ગાંધીએ અંગ્રેજ ગર્વનરને પણ શાબાશી આપી તેમણે કહ્યું કે જો ગર્વનરે પોતાની કુશળતા ન વાપરી હોત અને મક્કમ ન રહ્યા હોત તો કાયદો રદ કરાવવા માટે મુશ્કેલી આવી હોત. સમસ્યામાં લોકોને તો સાથે લઈને ચાલીને ઉકેલના પ્રયાસો કરવાના પણ પ્રતિપક્ષને પણ એની કેડીટ આપવી એ તો ગાંધી જ કરી શકે. આજીવન તેમણે આ રીતે જ તમામ પ્રશ્નોનો હલ શોધ્યો હતો.

ગાંધીજીની ઈચ્છા તો હતી ચંપારણમાં આરંભેલું કામ થોડા વર્ષો સુધી લોકો સાથે જારી રાખવું. ગામડાઓમાં વધુ નિશાળો ઊભી કરવી અને વધારે ગામડામાં પ્રવેશ નહીં અને બીજા કામમાં તેમને જવું પડ્યું. છતાં ગાંધીએ લોક સહકારથી માત્ર છ મહિનામાં સો વર્ષનો અમાનુષી કાયદો રદ કરાવ્યો. નીલવરોના રાજનો અસ્ત થયો અને દબાયેલો ગભરું રૈયતવર્ગ હતો એમને એમની સમૂહ શક્તિનું ભાન થયું. ચંપારણ સત્યાગ્રહથી ગાંધીજીએ 'ગળીનો ડાઘ ધોવાય જ નહીં' - એ વહેમ દૂર કર્યો.

**(લેખક સમાજશાસ્ત્રના સહપ્રાધ્યાપક છે.)**

# મેઘાણી, મહારાજ અને માણસાઈના દિવા



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

સમગ્ર ગુજરાત જેમને રાજ વિનાના મહારાજ તરીકે ઓળખે છે તેઓ લોક હૃદયના સિંહાસને બીરાજેલા મહામાનવ છે. ગાંધી તથા ગરીબીના નિભાડામાં ખરા થઈને આવેલા મહારાજ વીસમી સદીના બીજા દાયકામાં મહીકાંઠાના વિકરાળ પ્રદેશમાં અનેક પડકારો વચ્ચે ગાંધી મહાત્માના ખેપીયા તરીકે પ્રવેશ કરે છે. આ વિસ્તારનાજ સરસવણી ગામના રવિશંકર મહારાજ બારૈયા, પાટણવાડિયા ઈત્યાદિ લોકોને તેમની સંપૂર્ણતામાં જૂએ છે તેમજ સમજે છે. મહીકાંઠાના આ લોકોની નબળી બાજુને ઉત્તેજન આપનારા આ ગોર મહારાજ નથી. જાગૃત થવાની કે પરિવર્તન કરવાની કોઈ સૂફિયાણી સલાહ આપ્યા સિવાય મહારાજ આ સમાજ સાથે એકરૂપ થઈને જીવે છે. આ કોમના તમામ લોકો ગુનેગાર છે તેવી આંધળી સરકારી માન્યતા સાથે જે હાજરી પોલીસ સ્ટેશનમાં લેવાય છે તેની ઊંડી વેદના મહારાજ અનુભવી શકે છે. પોતાની નિષ્ઠાના બળે અન્યાયી હોય તેવી કાનૂની પ્રથાઓ હડિયાપાટી કરીને દૂર કરાવે છે. આથી મેઘાણીના માણસાઈના દિવાની કથાઓ દરેક કાળમાં સંદર્ભયુક્ત બની રહે તેવી છે.

રવિશંકર મહારાજના મુખમાંથી અમૃત સ્વરૂપે સહજ રીતે સરેલા શબ્દો મેઘાણીભાઈ કાળજીથી નોંધે છે. 'મૂઠી ઊંચેરા' મહારાજની અનુભવજન્ય વાતો સામાન્ય નથી. સરળ તથા સહજ શબ્દો અને કર્તાભાવનો સદંતર અભાવ એ રવિશંકર મહારાજની વાણીના ભૂષણ સમાન છે. મહારાજની વાણીમાં માનવીય મનની અમીરાત ટપકતી દેખાય છે. આપણે સમાજનાજ કેટલાક લોકો તરફનો પૂર્વગ્રહ બાંધી લઈએ છીએ. ત્યારબાદ તે વર્ગ તરફ આવા પૂર્વગ્રહના ચશ્મા પહેરીનેજ નજર કરીએ છીએ. મહાસાગરના મથાળે કદાચ કૂડો – કચરો દેખાતા હોય તેમ બને. પરંતુ તેને અતીક્રમીને મહાસાગરના તળિયા તપાસનારને મોંઘામૂલા મોતીની પ્રાપ્તિ થાય છે. મહાસાગરની એ યુગો પર્યન્તની વેદના રહી હશે કે લોકો તેનો તોલ તથા મોલ ઉપર દેખાતા કૂડા કચરાને જોઈને કરે છે. રામજી વાણીયાએ સાગરના હૈયાની આ વ્યથા સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છે. મરજીવાને સાગર કહે છે :

જળ ખારા જાણી કરી
મરજીવા ફેરવીશ નહિ મોં,
અમારા તળિયા તપાસી જો
તને કુબેર કંગાળ લાગશે.

ગાંધી તેમજ વિનોબા તથા મહારાજ માણસના ભીતરની માણસાઈને તાગનારા તેમજ જગાડનારા હતા. આવા લોકોની તટસ્થ કથનીને કારણેજ મહરાજ કથિત અને મેઘાણી આલેખિત 'માણસાઈના દિવા' ની કથા જગતના સાહિત્યમાં સ્થાન તથા સન્માન મેળવી શકે તેવી ભવ્ય છે. મહારાજ એક પ્રસંગ ટાંકતા કહે છે કે પાટણવાડિયાની પુત્રી અને જાજરમાન માતા સ્વરૂપ જીબા પોતાના પતિ મથુરના મૃત્યુ નીમિત્તે ગામલોકોને ભેગા કરે છે અને મથુરની સ્મૃતિમાં ગામના હિતમાં હોય તેવું કોઈ કાર્ય કરવાનો સંકલ્પ વ્યક્ત કરે છે. સીધા સાદા ગામલોકો કહે છે : '' ગામમાં પંખીઓ માટે કાયમી ચણની વ્યવસ્થા થાય તો સારું '' લોહી અને પરસેવો એક કરીને બચાવેલી તથા અથાક શ્રમ કરીને જાળવેલી પોતાની સૌથી સારી અને ફળદ્રુપ ચાર વીઘા જમીન પંખીઓના ચણ માટે જૈફ ઉમ્મરના જીબા બેજીજક અર્પણ કરે છે. આમાં માંગણી કરનાર ગ્રામજનોનું મંગળમય દર્શન તથા આપનારની અસાધારણ ગરવાઈના એવેરેસ્ટનું તેજોમય દર્શન થાય છે. બ્રિટીશ સત્તાધિશોએ ગુનાહિત જાહેર કરેલા સમાજના આ ઉજળા પાત્રોની સારી તથા નબળી વાતો મહારાજ અને મેઘાણી થકી જગત સમક્ષ પહોંચી શકી. સ્નેહયુક્ત સદ્દભાવના માત્ર માનવ સમાજ પુરતીજ નહિ પરંતુ તમામ ચૈતન્યયુક્ત જીવો માટે હોવાનો એક અમૂલ્ય અભિગમ માનવતા અને માનવીય મૂલ્યો તરફની આપણી શ્રધ્ધાને ટકાવી રાખે છે તથા દ્રઢ કરે છે. આથીજ કદાચ મહારાજે આ અંધારી રાતના તારલાઓની વાતો કહેવા તેમજ લખવા સંમતિ આપી હશે. સદ્દભાવના - સહિષ્ણુતા તેમજ નિર્ભયતાનુ સિંચન લોકમાનસમાં તથા વિશેષ કરીને બાળમાનસમાં થાય તો એક સ્વસ્થ દ્રષ્ટિકોણ ધરાવતા સમાજનુ નિર્માણ કરવુ તે અઘરું હોય તો પણ અશક્ય કાર્ય નથી.

ખાસ કરીને 'માણસાઈના દિવા' જેવી તકલીફોમાં વણાતા માનવગરીમાના તાણાવાણાની કથાઓ બાળમાનસને વિશેષ પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે. પોરબંદરના બાળક મોહનને પણ હરિશ્ચંદ્ર તથા શ્રવણની કથાઓ સાંભળીને પોતાનું જીવન પણ તે દિશામાં વાળવાની મહેચ્છા જાગે છે. જેમની જન્મશતાબ્દીનું વર્ષ ચાલે છે તેવા ડૉ. પી. સી. વૈદ્યનો પણ આવોજ અનુભવ છે. વૈદ્ય સાહેબ કહે છે કે બાળપણમાં તેમણે પિતાને સંભળાવવા વાંચેલી ગાંધીજીની આત્મકથા તેમના જીવનમાં સદાકાળ પ્રેરણારૂપ બની રહી.

ગાંધી – લીંકન – મંડેલા કે મહારાજ જેવા દિગ્ગજ નેતાઓ વિશ્વને મળ્યા તે લોકનું સદ્દભાગ્ય છે. આ બધા વચ્ચે પણ જગતે બે ભિષણ મહાયુધ્ધ જોયા તે માનવમનની અનેક મર્યાદાઓ અને મલિનતાને આભારી છે. વિનોબાજીની દ્રષ્ટિએ સંત તુકારામની હરોળમાં બેસી શકે તેવા મહારાજનો વિચાર વારસો અંધારામાં પણ અજવાળું ફેલાવે તેવો છે. નવી પેઢી સુધી મહામૂલા મહારાજની વાતો લઈ જવા જેવી છે.

# તૃષ્ણા જીર્ણ નથી થઈ આપણે જ જીર્ણ થઈ ગયા છીએ...



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

**વક્ત કિસીકે લીયે નહીં રુકતા**
**બીતતા વક્ત હૈ લેકીન ખર્ચ હમ હોતે હૈ**
**- યે જવાની હૈ દિવાની**

હુસૈન દલાલ - જી હાં ફરીવાર આ જ સંવાદ લેખક અને ગત ૨૦૧૩ની સુપરહીટ નીવડેલી રણવીર કપૂર અને દીપિકા પાદુકોણેની 'યે જવાની હૈ દિવાની' તો આ ડાયલોગ અદ્ભૂત સંદેશ આપતો સંવાદ છે...

સમયને આપણે કયારેય રોકી શક્યા નથી, પકડી શક્યા નથી... છતાં પણ ફિશીયારી મારીએ છીએ કે, 'મારી પાસે સમય નથી.' વાસ્તવમાં 'કાલ' એ શ્લેષાત્મક નામ જ ઘણું ગર્ભિતાર્થ છે. સમય પ્રમાણે ન ચાલીએ તો પછી પસ્તાવાનો વારો આવે છે... મુઠ્ઠીમાંથી રેતી સરકતી રહે તેમ, સમયને ગમે તેટલો કચકચાવીને પકડવાની નિરર્થક મહેનત કરીએ પરંતુ તે તો સરકી જ જાય છે...

આવા જ અર્થનો એક શ્લોક મહર્ષિ વેદવ્યાસે મહાભારતના આદિપર્વમાં લખ્યો છે...

*ભોગા ન ભુક્તા વયમ્ એવ ભુક્તા:*
*તપો ન તપ્તં વયમ્ એવ તપ્તં ।*
*કાલો ન યાતો વયમ્ એવ યાતા:*
*તૃષ્ણા ન જીર્ણા વયમ્ એવ જીર્ણા : ॥*

અર્થાત્, આપણે ભોગ નથી ભોગવ્યા, પરંતુ ભોગોએ જ આપણને ભોગ્યા છે, આપણે તપ નથી કર્યું, પરંતુ આપણે સ્વયં જ તપ્ત થઈ ગયા છીએ,

સમય પસાર નથી થયો, આપણે જ પસાર થઈ ગયા છીએ., તૃષ્ણા જીર્ણ નથી થઈ આપણે જ જીર્ણ થઈ ગયા છીએ...

યયાતિને ચિરકાલ યૌવન રહેવા માટે તેના પુત્ર પુરુએ પોતાની યુવાની આપી દીધી, રાજા યયાતિ વર્ષો સુધી ભોગમાં લિપ્ત રહ્યા પરંતુ તેમને તૃપ્તિ થઈ નહીં, વિષય વાસનામાં તૃપ્તિ ન મળવાના કારણે તેમને વિષય - વાસનાના પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ, વાસ્તવિકતાનું જ્ઞાન લાધ્યું, સમયની મહત્તા અને તેની સાથે રમત કરવાની સજા સમજાઈ, અને તેમના મુખેથી વ્યાસજીએ આ શ્લોક બોલાવરાવીને આપણને સમયનું મહત્ત્વ સમજાવવાનો યત્ન કર્યો છે...

કયાં મહાભારત - આજથી હજારો વર્ષ પહેલા વ્યાસજીની કલમે લખાયેલ આ શ્લોક અને કયાં આજે વર્ષો પછી ૨૦૧૩માં હુસૈન દલાલ દ્વારા લખાયેલ આ ડાયલોગ...

માટે જ મહાભારત વિશે કહેવાયુ છે કે - જે અહીં છે તે જ સર્વત્ર છે, અને જે અહીં નથી તે કયાંક નથી...

# માસિક સાહિત્યસભા ૧૦મીએ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

'વૃત્તસંચય'

● ગરવી ગુજરાતી માતૃભાષાના સંવર્ધન, પ્રચાર, પ્રસાર તથા સાહિત્યમાં રસ કેળવાય તે માટે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દરમાસે યોજાતી સભા આ વખતે તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૮ ને મંગળવારના રોજ સાંજના ૫.૩૦ કલાકે, નિસર્ગ કોમ્પ્યુનિટી સાયન્સ સેન્ટર, ૬૧/૦૧, ઘ-ટાઈપ, લગ્નવાડી પાસે, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. ગાંધીનગર સાહિત્યસભા અને સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, મહાભારતના વિરાટપર્વમાં આવતા, પાંડવોના અજ્ઞાતવાસ દરમિયાન સૈરેન્ધ્રી બનતા દ્રૌપદીના પાત્રને આધારે ચોપાઈ અને દોહરામાં સુબદ્ધ, વિશિષ્ટ કવિદૃષ્ટિથી કવિ વિનોદ જોષી દ્વારા રચાયેલા સાત સર્ગના સુગઠિત પ્રબંધકાવ્ય 'સૈરેન્ધ્રી' ની કવિ વિનોદ જોશીના સ્વમુખે કાવ્યપઠનનો સાહિત્યિક કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં અચૂક પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, રસિકો-ભાવકો તથા સર્વે સભ્યોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● પ્રાંતિજ કૉલેજના પૂર્વ અધ્યાપક, કવિ, નાટ્યકાર અને સાહિત્યકાર પ્રો. મહેન્દ્ર અમીન લિખિત પુસ્તક, 'stray vagaries' નો, સા.કાં. જિલ્લાના પ્રાંતિજના કમાલપુર કૉલેજ ખાતે વિમોચન અને લોકાર્પણનો કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં પૂર્વ કુલપતિ કે.એસ. શાસ્ત્રી, ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર - નવલકથાકાર - વાર્તાકાર, ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રાંતિજ કૉલેજના પ્રિ. ડૉ. કે. આર. પ્રસાદ સહિત મંચ ઉપર ઉપસ્થિત અન્ય મહાનુભાવોએ પુસ્તકનું વિમોચન કર્યું હતું.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે તાજેતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડમાં, ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા પ્રકાશિત, 'નિસ્બત - ૨૦૧૬ : દલિત કવિતા અને કવિની કૅફિયત' (સંપાદકો ભી.ન. વણકર, નીલેશ કાથડ અને મનોજ પરમાર) ગ્રંથની સમીક્ષા કવિ રમણ વાઘેલા દ્વારા દરેક કવિતાના વાંચન તથા પ્રત્યેક દલિત કવિની કૅફિયતની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. 'સમાજમિત્ર' સામયિકના કાર્યવાહક તંત્રી અને પત્રકાર નટુભાઈ પરમાર દ્વારા 'સમાજમિત્ર' ના કાવ્યસ્તંભ 'દસ્તર' ની ચર્ચા કરવામાં આવી હતી. આભારવિધિ પુનમચંદ પરમારે કરી હતી.

- ***muljibhaidadhi@gmail.com***